## વડીલોને વંદન
## અભિનંદન



પ્રવિણસિંહ એસ. રાઠોડ
(૧૯૪૩) મો. ૯૭૨૩૮૩૧૭૬૧

# આવતીકાલે 'વિશ્વ હૃદય દિન' નિમિત્તે નિઃશુલ્ક ડાયાબીટીશ નિદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરની જનરલ હોસ્પિટલમાં આવેલ જિલ્લા એનસીડી સેલ દ્વારા તા. ૨૯મી સપ્ટેમ્બરે 'વિશ્વ હૃદય દિન'ની ઉજવણી નિમિત્તે મફત ડાયાબીટીસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ સવારે ૧૧ થી ૧૨.૩૦ વાગ્યા દરમ્યાન ગાંધીનગર બસ સ્ટેન્ડ પાસે અને બપોરે ૩.૩૦ થી ૫.૦૦ વાગ્યા દરમિયાન સે. ૧૨ માં બલરામ મંદિરની બાજુમાં આવેલ જીસીઈઆરટી ખાતે યોજવામાં આવેલ છે.

ભારતમાં મહારોગ ડાયાબીટીશનો ભરડો વધુ ને વધુ ભીંસાતો જાય છે. આગામી તા. ૨૯મી સપ્ટેમ્બરને વિશ્વમાં હૃદય દિન તરીકે ઉજવવામાં આવે છે ત્યારે ભારત સરકારના નેશનલ પ્રોગ્રામ ફોર પ્રિવેન્શન એન્ડ કન્ટ્રોલ ઓફ કેન્સર, ડાયાબીટીશ, કાર્ડિવાસ્ક્યુલર ડીસીઝ એન્ડ સ્ટ્રોક (એનપીસીડીસીએસ)ના ગાંધીનગર ખાતેના જિલ્લા એનસીડી સેલ દ્વારા મફત ડાયાબીટીશ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ નગરમાં બે સ્થળે યોજાશે જેમાં સવારે પથિકાશ્રમ પાસે આવેલ ગાંધીનગર એસ.ટી. બસ સ્ટેન્ડ નજીક યોજાશે. જ્યારે બપોરે સે. ૧૨માં આવેલ બલરામ ભવન પાસેના જીસીઈઆરટી ખાતે યોજવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા નગરની તમામ જનતાને આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ખેડબ્રહ્માની જ્યોતી હાઈસ્કૂલ પાસે કાર-રીક્ષા વચ્ચે અકસ્માત બે વિદ્યાર્થીઓ અને રીક્ષાચાલકને કાળ ભરખી ગયો





(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા. ૨૭

ખેડબ્રહ્માની જ્યોતિ હાઈસ્કૂલ પાસે રીક્ષાને વડાલી તરફથી પુરઝડપે આવતી સુરતની કારે ટક્કર મારતા બે વિદ્યાર્થી અને રીક્ષા ચાલકનું કરૂણ મોત નિપજ્યું હતુ. આ અકસ્માતને કારણે ઘટનાસ્થળ સ્ટેટ હાઈવે ઉપર કરૂણાસભર દશ્યો સર્જાયા હતા. આ અકસ્માતમાં એક ત્રીજા વિદ્યાર્થીને ઈજા થતાં તેને સારવાર માટે ખેડબ્રહ્મા હોસ્પ્ટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર શનિવારે સ્કૂલ છુટવાના સમયે ખેડબ્રહ્માની જ્યોતિ હાઈસ્કૂલ આગળથી રીક્ષા નંબર જીજે-૭-એવી-૩૨૧૮ ના ચાલક કરણભાઈ પુંજાભાઈ ડાયાણી પોતાની રીક્ષામાં ત્રણ વિદ્યાર્થીઓને બેસાડી આદર્શ શાળામાંથી અન્ય એક વિદ્યાર્થીનીને લેવા જવા રીક્ષા વડાલી બાજુ વાળવા જતા હતા દરમિયાન વડાલી બાજુથી પુરઝડપે આવતી સુરતની કાર નંબર જીજે-૦૫-જેએ-૬૬૨૨ ના ચાલકે રીક્ષાને ટક્કર મારી હતી. જેથી રીક્ષામાં બેઠેલા ત્રણ વિદ્યાર્થી અને રીક્ષા ચાલકને ગંભીર ઈજા પહોંચી હતી. જેમાં એક વિદ્યાર્થી અને રીક્ષા ચાલકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે બે વિદ્યાર્થીઓને ૧૦૮ દ્વારા સારવાર માટે ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં એક વિદ્યાર્થીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અકસ્માતમાં ત્રણ જણાના મોત નિપજતાં સ્ટેટહાઈવે ઉપર કરૂણાસભર દશ્યો સર્જાયા હતા.

## આજે મેદરામાં પંચકુંડી મહાયજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

જિલ્લાના મેદરા ખાતે પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ યોજાશે. આજરોજ રવિવારે સવારે ૯.૦૦ વાગે વિનોદભાઈ વાઘેલાના 'છના વિલાસ' માં પંચકુંડી ગાયત્રી યજ્ઞ યોજવામાં આવશે. મહાયજ્ઞમાં ભક્તજનોને દર્શનનો લાભ લેવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

## હોમગાર્ડ યુનિટમાં ભરતી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર હોમગાર્ડઝ યુનિટોના નજીકમાં રહેઠાણ ધરાવતા હોય અને અભ્યાસ ધોરણ-૭ પાસ કે તેથી વધુ હોય, ઉંમર ૧૮ વર્ષથી વધુ અને ૫૦ વર્ષ સુધીની હોય અને ભારતીય નાગરિક ધરાવતા હોય તેવા જે ઉમેદવારો દળમાં ભરતી થવા ઈચ્છા રાખતા હોય તેઓએ પુરૂ નામ, પુરૂ સરનામુ, જન્મતારીખ, અભ્યાસ, પોલીસ સ્ટેશન વિસ્તાર અને મોબાઈલ નંબરની વિગત સાથેના આ કચેરીએથી છાપેલા અરજી ફોર્મ કચેરી કામકાજના કલાકો દરમ્યાન મેળવી તેમાં વિગતો ભરી તા. ૧૦-૧૦-૨૦૧૪ સુધીમાં જિલ્લા કમાન્ડન્ટની કચેરી, બ્લોક નં. ૬, ભોંયતળિયે, જૂના સચિવાલય, ગાંધીનગર ખાતે અરજી મળી જાય તે રીતે રૂબરૂમાં, સાદી ટપાલથી અરજી કરવાની રહેશે. અરજી સાથે (૧) શાળા છોડ્યાના પ્રમાણપત્રની નકલ (૨) છેલ્લી પરીક્ષા પાસ કર્યાની માર્કશીટની નકલ (૩) રહેઠાણનો પુરાવો (૪) ચૂંટણી કાર્ડ-આધાર કાર્ડની નકલ બિડવાની રહેશે. અન્ય કોઈ પણ પ્રકારના દસ્તાવેજ જોડવાના રહેશે નહી.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)



મહાત્મા ગાંધીના સ્વચ્છતાના સંદેશને સાકાર કરવા હાલતમાં ભારત સરકાર દ્વારા સમગ્ર રાષ્ટ્રને સ્વચ્છ બનાવવાના હેતુથી 'સ્વચ્છતા અભિયાન'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે પોલીસ કર્મીઓ દ્વારા સરકારના અભિયાન અંતર્ગત સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશમાં ચિલોડા પોલિસ સ્ટેશનના પીઆઈ કે.એમ. પ્રિયદર્શી સહિત તમામ પોલીસ કર્મીઓ જોડાયા હતા.

## સે. ૧૩માં રહેતો ૧૯ વર્ષીય યુવાન સવા મહિનાથી લાપતા

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩ પુષ્પક એપાર્ટમેન્ટમાં રહેતા ૧૯ વર્ષિય યુવાન મનિષ બાલચંદ યાદવ ૧૮ ઓગસ્ટે સાંજના સુમારે ઘરેથી કોઈને કાંઈ કહ્યા વિના ચાલ્યો ગયો હતો. આજ દિન સુધી તેનો કોઈ પત્તો લાગ્યો નથી. સવા મહિનાથી મનિષના પરિવારજનો દ્વારા તેની શોધખોળ ચાલી રહી છે. જે અંગે સે. ૭ પોલીસ મથકમાં જાણવાજોગ નોંધાતા સે. ૭ પીએસઆઈ જી.કે. પરમારે વધુ તપાસ શરૂ કરી છે.

## મહિલા પાંખના ફરતા ગરબા યોજાશે

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ફરતા ગરબા સ્પર્ધા યોજવામાં આવશે. આજે રવિવારે બપોરે ૨.૦૦ વાગે બ્રહ્મભવન સેક્ટર-૧૬ ખાતે યોજાશે. સ્પર્ધામાં શહેરની બ્રહ્મ બહેનો, બાળાઓને પધારવા જણાવવામાં આવ્યું છે.



દેશભરમાં ચાલી રહેલા સ્વચ્છતા અભિયાન સપ્તાહ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં પણ સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યા છે. સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં આજે ડીએસપી શરદ સિંઘલ તથા પી.આઈ. જે.એમ. ભરવાડ, કે.એમ. જોશેફ, વાય.એમ. મિશ્રા, સહિતના પોલીસ અધિકારીઓ દ્વારા સફાઈ કરવામાં આવી હતી.

# રાજકોટ પશ્ચિમ બેઠકની પેટા ચૂંટણીમાં ત્રિપાંખીયો જંગ જામશે

ગાંધીનગર, તા. ૨૭

રાજકોટ પશ્ચિમ બેઠકની આગામી ૧૫મી ઓક્ટોબર યોજાનારી પેટા ચૂંટણીમાં એન.સી.પી.એ ઉમેદવાર ઉભો રાખતા આ બેઠક પર હવે ત્રીપાંખીયો જંગ જામશે.

ખાલી પડેલી રાજકોટ પશ્ચિમ બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ ઉપરાંત એન.સી.પી.એ પણ ઉમેદવાર ઉભો રાખ્યો છે. આજે એન.સી.પી.ના ઉમેદવારે ઉમેદવારી પત્ર ભરતાં આ બેઠક પર ત્રીપાંખીયો જંગ જામશે. જો કે આમ છતાં આ બેઠક પર જંગ તો ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ રહેશે. પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતમાં કોંગ્રેસ અને એન.સી.પી. વચ્ચે ગઠબંધન છે. પરંતુ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ અને એન.સી.પી. વચ્ચે ગઠબંધન તુટતાં ગુજરાતમાં એન.સી.પી.એ કોંગ્રેસ સામે બાંયો ચઢાવી કોંગ્રેસ સામે ઉમેદવાર ઉભો રાખ્યો છે. જેના કારણે હવે આ બેઠક પર ત્રિપાંખીયો જંગ જામશે.

એન.સી.પી.એ ઉમેદવાર ઉભો રાખ્યો છે પરંતુ ખરો જંગ તો ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ ખેલાશે. પરંતુ એન.સી.પી.ના ઉમેદવાર મેદાનમાં આવતા એન.સી.પી. ભાજપને નુકશાન પહોંચાડશે કે કોંગ્રેસને તે તો આ ચૂંટણીના પરિણામો જાહેર થાય પછી જ ખ્યાલ આવશે.



નવરાતનો પ્રાંરભ થઈ ચુક્યો છે. બીજી નવરાત્રીએ નગરનાં વિવિધ સેક્ટરોમાં શેરી ગરબાની રમઝટ ચાલી રહી છે. સેક્ટર-૪ ઓમકારેશ્વર મહાદેવ ખાતે માનવ મહેરામણ ઉમટયો હતો. આબાલ વૃદ્ધ, સૌ કોઈ ગરબાના તાલે ઝૂમ્યા હતા.
(તસવીર : કશ્યપ નિમાવત)

# ભારતની પ્રાચીન સંસ્કૃતિની ગુરૂકુલની યાદ કરાઈ : સંકુલમાં તાજી થાય છે

## કરાઇ ખાતે નવનિયુક્ત પી.એસ.આઇ.નો દિક્ષાંત પરેડ સમારોહ રજનીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો

બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટરનો દિક્ષાંત પરેડ સમારોહ આજરોજ ગૃહ રાજય મંત્રી શ્રી રજનીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ ખાતે યોજાયો હતો. દિક્ષાંત સમારોહમાં પુરૂષ - ૧૫૩ અને મહિલા - ૭૮ મળી કુલ- ૨૩૧ બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટરઓએ ભાગ લીધો હતો. ગૃહ રાજય મંત્રી શ્રી રજનીભાઈ પટેલે પરેડનું નિરીક્ષણ કર્યુ હતું.



સમાજના રક્ષક અને સેવાના રૂપમાં સેવા બજાવવા જઈ રહેલા તમામ પી.એસ.આઈઓને ગૃહ રાજય મંત્રી શ્રી રજનીભાઈ પટેલે અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, આપ સર્વેએ નવ મહિનાની કઠોર તાલીમ પૂર્ણ કરીને પોતે સક્ષમ છો, તેવું સાબિત કર્યુ છે. મને આજે આપ સર્વેને દિક્ષાંત આપવાનું જે ગૌરવ -ાપ્ત થયું છે, તે બદલ હું મારી જાતને ધન્ય ગણું છું.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, ભારતની -ાચીન સંસ્કૃતિની ગુરૂકુલની યાદ કરાઈ સંકુલમાં આવતા તાજી થાય છે. -ાચીન સમયમાં ગુરૂકુલમાં અસ્ત્ર- શસ્ત્ર અને તાલીમ આપીને વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવામાં આવતો હતો. ત્યાર બાદ તેને સમાજના રક્ષક અને સેવા કરવાની ફરજ સોંપવામાં આવતી હતી. તે જ રીતે આપને કરાઈ સંકુલમાં આધુનિક હથિયાર, કોમ્પ્યુટર, તરણ, હોર્સ ડ્રાઈવીગ અને કાયદાનું સંપૂર્ણ જ્ઞાન આપી આપ સર્વેને સક્ષમ બનાવવામાં આવ્યા છે. આપ આપને મળેલ સત્તા અને શક્તિનો દૂર ઉપયોગ નહિ, પણ સમાજના રક્ષક અને સેવા કરવામાં વાપરશો, તેનો મને દ્રઢ વિશ્વાસ છે.

## શબ્દાવલી - ૫૫૧૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | | | | ૮ | |
| ૯ | | | ૧૦ | | | | |
| | ૧૧ | ૧૨ | | | | ૧૩ | |
| ૧૪ | | | | | ૧૫ | | ૧૬ |
| ૧૭ | ૧૮ | ૧૯ | | | | | |
| ૨૦ | | | ૨૧ | ૨૨ | | ૨૩ | |
| ૨૪ | | | | | | ૨૫ | |

### આડી ચાવી

૧. ખુબસુરત, સુંદર (૫)
૫. નાગ (૨)
૭. જય રણછોડ... ચોર (૩)
૮. સૂકું ઘાસ (૨)
૯. નાડી, રગ (૨)
૧૦. ઓવારણા, દુઃખણા (૩)
૧૧. ભય, બીક, ડર (૪)
૧૫. જવાબદારી (૩)
૧૭. આરનો પાવડર જેવો ખાવામાં પણ ઉપયોગ થાય છે... ના નામે (૪)
૨૦. ગરીબ (૫)
૨૧. જેવી દાનત તેવી... (૪)
૨૪. જડસુ, અજ્જડ જેવો (૫)
૨૫. છાસ - ચણાના લોટની બનતી એક વાનગી (૨)

### ઊભી ચાવી

૧. ખુદનું અભિમાન (૩)
૨. બરતરફી, રજા (૪)
૩. પ્રતિજ્ઞા (૨)
૪. ધૃણા (૪)
૫. પ્રતિષ્ઠા (૨)
૬. ચડતી અને... તો જીવનમાં આવ્યા જ કરે (૩)
૧૦. દુર્ગંધ (૨)
૧૨. હીંચકી, મોંતી થતો એક અવાજ (૩)
૧૩. .... અને જીત તો યુદ્ધમાં થયા કરે (૨)
૧૪. ચોપાટ, સોસઠ (૪)
૧૫. તફાવત (૩)
૧૬. જીવ વગરનું, ચેતન નહિં તેવું (૨)
૧૮. દોડ... ની એક રમત (૩)
૧૯. પેન્સિલનું લખેલ... થી દૂર કરી શકાય (૨)
૨૨. કાર્ય, તલ્લીન (૨)
૨૩. મોકો (૨)

### શબ્દાવલી ૫૫૧૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) દામીની (૩) કમજોરી (૬) કામચોર (૭) ચાહ (૮) જવ (૯) રાગ (૧૦) પા (૧૧) ખમણી (૧૨) મલાઇ (૧૪) રાખ (૧૫) ઇલા (૧૬) સરવાણી (૧૯) જવાબદારી (૨૧) શમા (૨૨) શરીર
**ઊભી ચાવી :-** (૧) દાપુ (૨) નીકાહ (૩) કચોરી (૪) મર (૫) રીજવણી (૭) ચાગલાઇ (૮) જમ (૯) રામ (૧૧) ખબરદાર (૧૩) ઇલાજ (૧૪) રાસબરી (૧૭) વારી (૧૮) લાશ (૨૦) લાશ

## ગંદકીનું સામ્રાજ્ય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સફાઈ સપ્તાહની ઉજવણી દરમિયાન પાટનગરમાં ગંદકીના બિહામણા દશ્યો હજુ આંખ સામેથી દૂર થયા નથી. સ્વચ્છ સપ્તાહની ઉજવણી અન્વયે જિલ્લાની શાળાઓમાં પણ સફાઈના વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. શાળાઓ ઉપરાંત સરકારી ઓફીસો અને પોલીસ સ્ટેશનોમાં પણ સ્વચ્છ સપ્તાહની ઉજવણી અન્વયે ગંદકી દૂર કરવા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. પરંતુ સ્વચ્છ સપ્તાહની ઉજવણી દરમિયાન નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ડેપો સંકુલમાં ગંદકીના બિહામણા દશ્યો જોવા મળી રહ્યા છે. દુર્ગંધયુક્ત શૌચાલયના લીધે મુસાફરો ગુંગળામણ અનુભવી રહ્યા છે. ડેપો સંકુલમાં સ્વચ્છતાનો અભિગમ ન જળવાતા મુસાફરો પણ તોબા પોકારી ગયા છે. આમ પણ લાંબા સમયથી ડેપો સંકુલમાં સફાઈ વ્યવસ્થા પડી ભાંગી છે. આવા સંજોગોમાં સ્વચ્છ ભારત સપ્તાહની ઉજવણીના મામલે પણ ડેપોનું તંત્ર નિરસ પુરવાર થયુ હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે.

## શાળાઓમાં સફાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્વચ્છતા દિવસ નિમિત્તે શાળાના વર્ગખંડો, મેદાન, કોમ્પ્યુટરલેબ સહીતની સફાઈ હાથ ધરવામાં આવી હતી. જિલ્લા શિક્ષણાતંત્ર દ્વારા પણ આ અભિયાનને વેગ આપવા જિલ્લાની ૧૯૯ સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં સફાઈના વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા હતા. આ દરમિયાન શાળાઓના વર્ગખંડો, મેદાન, કોમ્પ્યુટરલેબ, પ્રયોગશાળા, શૌચાલયો અને પાણીની ઓરડીઓ પણ સાફ કરવામાં આવી હતી. આ દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારીએ રૂપાલ વરદાયિની વિદ્યાલય તેમજ રાંધેજા સરકારી શાળાની મુલાકાત લઈ સ્વચ્છતા અભિયાનની ઝુંબેશને વેગ આપવા જરૂરી સૂચનો કર્યા હતા. સ્વચ્છ ભારત સમાજની ઉજવણી અન્વયે શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ ઉત્સાહપૂર્વક આ ઉજવણીમાં જોડાયા છે.

**ચિલ્ડ્રન યુનિવર્સિટી**
સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેક્ટર-૨૦, ગાંધીનગર
**વિદ્યાવાન પ્રોજેક્ટ પ્રકલ્પ સંયોજકોની ભરતી**

ચિલ્ડ્રન યુનિવર્સિટીના વિદ્યાવાન પ્રોજેક્ટ માટે ૪ પુરુષ પ્રકલ્પ સંયોજકોની ભરતી કરવાની થાય છે. (વિષયો - ગુજરાતી, અંગ્રેજી, ગણિત, ભૌતિકશાસ્ત્ર, સ.જી.ઉ., વ્યાયામ, સંગીત, ચિત્ર) પગાર રૂ. ૪૮૦ દૈનિક ધોરણે મળશે.વધુ વિગતો યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in પરથી મળી શકશે. ઈચ્છુક ઉમેદવારોએ પોતાના બાયોડેટા, લાયકાત તેમજ અનુભવના આધારો સાથે નિયત નમૂનામાં તારીખ ૧૦/૧૦/૨૦૧૪ સુધીમાં ઉપરોક્ત સરનામે મળે તે રીતે Regd Post ADથી અરજી કરવાની રહેશે.
તા. ૨૭/૯/૨૦૧૪ કા. કુલસચિવ
માહિતી/૧૩૧૬/૨૦૧૪-૧૫

**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા**
ગાંધીનગર જિલ્લા પંચાયત, મા. અને મ. વિભાગ
**જાહેર નિવિદા નં. ૪/૨૦૧૪-૧૫**

કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ. વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર ૩૮૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮)ની કચેરી દ્વારા પંચાયત બિલ્ડીંગ અને તાબાની કચેરીઓ માટે પ્રોવાઈન્ડીંગ સીક્યુરીટ સર્વિસના કામ માટે અને જિલ્લા પંચાયત બિલ્ડીંગના સફાઈકામના વાર્ષિક કોન્ટ્રાક્ટ માટે રસ ધરાવતી એજન્સીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા http//rnb/nprocure.com તથા www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે.

| | | |
|---|---|---|
| ૧. | ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ | તા. ૧૩/૧૦/૧૪ સમય : ૧૮-૦૦ કલાક |
| ૨. | ટેન્ડર ફી તથા બાનાની રકમ તથા અન્ય ડોક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ (આર.પી.એ.ડી.) | તા. ૨૦/૧૦/૧૪ સમય : ૧૮-૦૦ કલાક |
| ૩. | ટેકનીકલ બીડ ઓપનીંગ તારીખ | તા.૨૧/૧૦/૧૪ સમય : ૧૨-૦૦ કલાક |
| ૪. | પ્રાઈઝબીડ ઓપનીંગ તારીખ | તા.૨૧/૧૦/૧૪ સમય : ૧૨-૩૦ કલાક |

માહિતી/૧૩૧૫/૨૦૧૪-૧૪

**ટચૂકડી જાહેર ખબર**

**મકાન વેચાણ ભાડે આપવાનું છે**
ગાંધીનગર જિલ્લાના માણસા પાસે, પ્રતાપનગરમાં, ૧૪ ઓરડા, ખુલ્લી જગ્યા, સ્વતંત્ર કંપાઉન્ડ, ગૃહ ઉદ્યોગ, ગોડાઉન, હોસ્ટેલ, હોસ્પિટલને લાયક
**સંપર્ક**
૯૯૨૪૩ ૫૫૩૫૯
૦૭૯-૨૭૪૯૫૨૯૬

**જોઈએ છે**
**ફોટોશોપ ઓપરેટર**
મળો - પાયલ કલર લેબ
ઘ-૪IIા, પંજાબ નેશનલ બેંકની પાછળ, સેક્ટર-૧૬, ગાંધીનગર
ફોન : ૯૮૯૮૦૩૦૬૫૨

**ટ્યુશન**
સ્વામિ ટ્યુશન ક્લાસની સ્પેશ્યલ બેચ - વિના મૂલ્યે, અંગ્રેજી - ગુજરાતી માધ્યમ. ધો-૧૧ છ્ષ્ઠર્ષ્ઠહંદ્બહષ્ઠઅ માટે
(વહેલા તે પહેલાના ધોરણે - મર્યાદિત સંખ્યામાં)
મો. - ૯૭૧૨૯૬૭૪૮૫